અંતર મમ વિકસિત કરો, અંતરતમ હે ! નિર્મલ કરો, ઉજ્જ્વલ કરો, સુંદર કરો હે...

## રાજ્યમાં વધુ ૫૩૯ નવા કેસ : અમદાવાદમાં ૩૦૬ : ગાંધીનગરમાં ૦૯


સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૦૨ | ૨૧ જુન, ૨૦૨૦, રવિવાર; જેઠ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં વકરતો કોરોના : નવા ૧૪૫૧૬ કેસ

ન્યુ દિલ્હી,તા.૨૦

કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી જાહેર કરાયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૫૧૬ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે ૩૭૫ લોકોના મૃત્યું થયા છે. આ સાથે દેશમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા ૩,૯૫,૦૪૮ થઈ ગઈ છે, જેમાં, ૧,૬૮,૨૬૯ સક્રિય મામલા છે. જેમાંથી ૨,૧૩,૮૩૧ લોકો ઠીક થઈ ગયા છે અથવા હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે, જ્યારે અત્યાર સુધીમાં ૧૨,૯૪૮ લોકોના મૃત્યું થયા છે.

ભારતમાં શનિવારે એક જ દિવસમાં કોરોના વાયરસ મહામારીના રેકોર્ડેબલ ૧૪,૫૧૬ કેસ નોંધાયા છે. આ વચ્ચે સકારાત્મક સમાચાર એ છે કે સ્વસ્થ થઈ ગયેલા લોકોનો આંકડો ૨,૦૦,૦૦૦ને પાર પહોંચી ગયો છે. હવે ૨,૧૩,૮૩૦ લોકો આ સંક્રમણથી બહાર નીકળી ગયા છે જ્યારે ૧,૬૮,૨૬૯ એક્ટિવ કેસ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ‘ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન’ વડાપ્રધાને લોન્ચ કર્યુ

ન્યુ દિલ્હી,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ગરીબ કલ્યાણ રોજગાર અભિયાનની શરૂઆત કરી. આ યોજના ઉત્તપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ,રાજસ્થાન,ઝારખંડ અને ઓડિશા સહિત છ રાજ્યોના ૧૧૬ જિલ્લામાં ચાલશે. આ યોજનાને દેશના એ રાજ્યોના એ જિલ્લાઓમાં ચલાવાશે જ્યાં, પ્રવાસી મજૂરોની સંખ્યા ૨૫ હજારથી વધુ છે. આ યોજના મુજબ મજૂરોને ૧૨૫ દિવસનુ કામ મળશે. મજૂરોને રોજગાર આપવા માટે ૫૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

વર્ચુઅલ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે ગ્રામીણ વિકાસ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ, બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત, મધ્યપ્રદેસના સીએમ શિવરાજ સિંહ ચૌહાણ અને ઝારખંડના સીએમ હેમંત સોરેન સાથે ઓડિસાના સીએમ નવીન પટનાયકના પ્રતિનિધ પ્રતાપ જૈના હાજર રહ્યા હતા.











